ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સાસુએ પુત્રવધુને પ્રોત્સાહિત કરી સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરાવી

**સેક્ટર-૧માં રહેતા નિવૃત્ત ઉચ્ચ અધિકારી કે. જી. વણઝારાના પત્ની શકુંતલાબેને ઈજનેર પુત્રવધુ સુધામ્બિકાને સીવીલ સર્વિસ પરીક્ષા માટે સતત પ્રોત્સાહિત કરી સાસુ-વહુના સંબંધને અનોખું ગૌરવ અપાવ્યું : નિરક્ષર શકુંતલાબેને દીકરીને ડીવાય.એસ.પી. અને પુત્રવધુને આઈએએસ બનાવવાના શમણા સાથે સતત મહેનત કરી પરિવારને સ્નેહભીનો બનાવ્યો**





ગાંધીનગર, તા.૧૩

સાસુ-વહુનો સંબંધ ખૂબ અનોખો હોય છે. કયારેક તેમના ઝઘડા આખા પરિવારને ખતમ કરી નાંખે છે તો કેટલીક સાસુ-વહુ વચ્ચેનો પ્રેમ ભર્યો સંબંધ આખા પરિવાર અને સમાજને ગૌરવ અપાવે છે. આવો જ કિસ્સો છે ગાંધીનગરના જાણીતા વણઝારા પરિવારનો. નિરક્ષર સાસુ શકુંતલા વણઝારા ભલે પોતે ભણી ન શકયા પરંતુ વહુ-દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપી ઉચ્ચ પદે બેસાડવા માટે ખુબ મહેનત કરી છે. શકુંતલાબેને પોતની ઈજનેર વહુ સુધામ્બિકાને સિવિલ સર્વિસની પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કરી અને પુત્રવધુ ખુબ લગનથી મહેનત કરે તે માટે બનતા પ્રયાસો પણ કર્યા જેના પરિણામે ગઈ કાલે જાહેર થયેલા સિવિલ સર્વિસના પરિણામમાં સુધામ્બિકા વણઝારા પાસ થય છે તેમની આ સફળતાથી તેમનો પરિવાર ખાસ કરીને તેમના સાસુ ખુબ ખુશ છે.

ગુજરાત સરકારમાં ઉચ્ચ હોદ્દા પર બિરાજતા શ્રી કે.જી. વણઝારાના પુત્રવધુ સુધામ્બિકા વણઝારાએ બેંગ્લોર યુનિવર્સિટીમાંથી ઈજનેરીની ડિગ્રી પ્રાપ્ત કરી છે તેઓ પરણીને ગાંધીનગર આવ્યા ત્યારે તેમના સાસુ શકુંતલાબેને તેમને સિવિલ સર્વિસીસની પરીક્ષામાં બેસવાની હિંમત આપી. સાસુ અને અન્ય પરિવારજનોનો ખુબ સહયોગ હોવાથી સુધામ્બિકાએ મન દઈને યુપીએસસીની પરીક્ષાની તૈયારી કરવા માંડી. સાસુ શકુંતલાબેન અને વહુ સુધામ્બિકાનો ઝઘડો પણ મીઠો હોય છે કયારેક વહુ સુધામ્બિકા રસોડામાં મદદ માટે આવે તો સાસુ વહુને વાંચવા માટે લાયબ્રેરીમાં ભગાડી દે છે. ગાંધીનગરમાં તેઓ જયાં રહે છે તે સેકટર-૧ના આડોશી-પાડોશીઓ પણ સાસુ-વહુ જોડીને ગંગાસતી અને પાનબાઈ સાથે સરખાવે છે. સુધામ્બિકા વણઝારાએ પણ પોતાને મળેલું પ્રોત્સાહન અને ભણવાની મોકળાશનો યથાર્થ ઉપયોગ કરી ભારતની સર્વોચ્ચ ગણાતી યુપીએસસીની પરીક્ષામાં સફળતા મેળવી છે. શકુંતલાબેનની દિકરી મંજીતા વણઝારા પણ ડીવાયએસપી પદ પર બિરાજી રહી છે. આડોશી-પાડોશી અને સમગ્ર સમાજ માટે સુધામ્બિકા અને અને શકુંતલાદેવીનો કિસ્સો દાખલારૂપ છે.

# સેક્ટર-૧૩માં ૧૦૨ મકાનો તોડવાનું કામ આરંભાયુ

**નિકાલ હેઠળના જ-૧ ટાઈપના જર્જરિત મકાનો તોડવાનું કામ શરૂ કરાયું : અત્યાર સુધીમાં ૧૭ બ્લોક તોડી પડાયા છે**

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો દાયકાઓના અંતે ભયજનક હાલતમાં છે. જયારે આ પૈકી ૧૯૦૪ મકાનો દાયકા પૂર્વે નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા.આ નિકાલ હેઠળના મકાનો તોડી પાડવા હવે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જે અન્વયે અત્યાર સુધી ૧૭ બ્લોક તોડી પાડવામાં આવ્યા છે. જયારે હાલ સે-૧૩ માં જ-૧ કક્ષાના ૧૦૨ મકાનો તોડવાનું કામ શરુ કરી દેવાયું છે.

શહેરના વિવિધ સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો લાંબા સમયના અંતે ભયજનક સ્થિતિમાં છે. આવાસોના મજબૂતીકરણનું કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યું છે. ત્યારે નિકાલ હેઠળના મકાનો પણ જોખમી સ્થિતિમાં હોવાથી તંત્ર દ્વારા આ મકાનો તોડી પાડવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. વિભાગ કક્ષાએથી મંજૂરી અપાતા તબક્કાવાર ભયજનક મકાનો તોડવાનું કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. વર્ષ-૨૦૦૫

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

# દારૂડિયાએ પોલીસ સ્ટેશન માથે લીધું

**પીધેલી હાલતમાં પોલીસ પકડીને સેક્ટર-૭ પોલીસ સ્ટેશન લાવી : બેટ લઈને દારૂડિયાએ એ.એસ.આઈ.ના માથે ઝીંકી દેતા ૭ ટાંકા આવ્યા : પોલીસ સ્ટેશનનો દરવાજો પણ તોડી નાંખ્યો**

ગાંધીનગર,તા.૧૩



ગાંધીનગરમાં નશામાં ચકચૂર થઈને ફરતા છાકટા તત્વોને અંકુશમાં લેવા પોલીસે કડક રાહે કામગીરી હાથ ધરી છે. આવા સંજોગોમાં દારૂના નશામાં ભાન ભૂલેલા એક યુવાને ગઈ સાંજે પોલીસ સ્ટેશનમાં પોલીસના જ માથે બેટ ઝીકી દેતા એ.એસ.આઈ ને ગંભીર ઈજાઓ થવા પામી છે. તોફાને ચડેલા દારૂડિયાએ પોલીસ સ્ટેશનનો દરવાજો સુદ્ધા પણ તોડી નાંખ્યો હતો. ઈજાગ્રસ્ત પોલીસ કર્મચારીના મથે સાત ટાંકા લેવા પડ્યા હતા અને હાલ તેઓ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

પી.સી.આર વાનમાં ફરજ બજાવતી પોલીસે ગાંધીનગરના ઘ-માર્ગ પરથી પલ્સર બાઈક પર પીધેલી હાલતમાં દારૂડિયા બાઈક ચાલક યુવાનને ગઈ કાલે સાંજે પકડી પાડ્યો હતો અને સેક્ટર-૭ પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. સે-૭ ચૌધરી સ્કુલ પાસેના છાપરામાં રહેતા અને ફ્રુટની લારી ચલાવતા આ યુવાન પ્રવીણ પૂનમ પટણીને પોલીસ સ્ટેશનની એક રૂમમાં બેસાડીને પોલીસ સ્ટાફ કાયદેસરની કાર્યવાહી માટે કાગળીયા તૈયાર કરી રહી હતી. થોડી જ વારમાં આ શખ્સ બેટ લઈને કાગળ તૈયાર કરતા એ.એસ.આઈ દશરથસિંહ તખુસિંહ વાઘેલા તરફ આવ્યો અને બેટ તેમના માથે ઝીકી દીધું હતું. લોહીલુહાણ હાલતમાં દશરથસિંહ ને સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. દારૂડિયાએ પોલીસ રૂમના દરવાજામાં પણ તોડફોડ કરી મૂકી હતી. બેકાબુ બનીને પોલીસ સ્ટેશન આખું માથે લેનાર દારૂડિયાને કાબુમાં લેવા આખા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તેની પાસે આવી પહોંચ્યો હતો અને માંડ તેને કાબુમાં લેવામાં આવ્યો હતો. જાહેર સંપત્તિને નુકશાન, ઓન ડયુટી પોલીસ પર હુમલો તથા પ્રોહીબીશનના ગુના હેઠળ આરોપીની ધરપકડ કરીને તેની સામે ધોરણસરની કાર્યવાહી સે-૭ પોલીસે આરંભી છે.



## ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
રજી. નં. ભ-૨૦૨૫, તારીખઃ ૨૮/૧૦/૧૯૭૫
ટેલીફોન : (૦૭૯) ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૩૩

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમિટેડની ૩૯મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૯/૬/૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૮-૩૦ કલાકે સહકારી ઉપાહારગૃહ, જુના સચિવાલય, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે, જેની મંડળીના તમામ સભાસદોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

દિલીપસિંહ ચૌહાણ
પ્રમુખ

તા. ૧૩/૬/૨૦૧૪



શુભેચ્છા મુલાકાત - કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ગુજરાતના શિક્ષણના પડતર પ્રશ્નો અંગે ધ્યાન દોરી આનંદીબેને પ્રવેશોત્સવના સમગ્ર કાર્યક્રમના સ્વરૂપની ચર્ચા કરી હતી.

Y.A. MANSURI
M. : 9824049503

GOVERNMENT APPROVED CONTRACTOR

SANJAY S. SHAH
P. Manubhai Medical

Since 1986
अभय
FEEL FREE, BE FEARLESS

• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars

AD ABHAY DECORATORS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292

REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Kharpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

# એસ.ટી. ડેપોની કેન્ટીન એક મહિનામાં ધમધમતી થઈ જશે

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર એસ.ટી ડેપોને મોડેલ ડેપો બનાવવા કવાયત હાથ ધરવામાં આવી છે. ત્યારે ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓ ઉત્તમ બનાવવા તબક્કાવાર પગલા લેવામાં આવી રહ્યા છે. એસ.ટી ડેપોમાં સ્થિત કેન્ટીનને થોડા સમય અગાઉ તાળું મારી દેવાયું છે. કેન્ટીનના સંચાલક દ્વારા નિયત દર મુજબ ભાડું ન ચુકવાતા કેન્ટીન બંધ કરી દેવાઈ છે. જયારે કેન્ટીન સંભાળતી આ એજન્સીને બ્લેક લીસ્ટ કરી દેવાઈ

● અનુસંધાન પાન-૭ પર

# અડાલજ બ્રીજ અને રોડ વચ્ચેનું અંતર વધારવા રસ્તાનું કામ હાથ ધરાશે

**અંતર ઓછું હોવાથી બ્રીજ નીચેથી પસાર થતા ભારે વાહનો સલવાઈ જાય છે : બે દિવસમાં કામ શરૂ થશે : દોઢ મહિના સુધી ટ્રાફિક ડાઇવર્ટ કરાશે : ૯૨ લાખનો ખર્ચ થશે**

ગાંધીનગર, તા. ૧૩

અડાલજ બ્રીજ નીચેથી પસાર થતા ભારે વાહનો બ્રીજને અથડાતા માર્ગ સલામતી જોખમાતી હોવાનું ધ્યાને આવ્યું હતું. જેના પરિણામે માર્ગ મકાન વિભાગ દ્વારા આ બ્રીજ અને નીચેથી પસાર થતા રોડ વચ્ચેનું અંતર વધારવા અન્ડરબ્રીજ રોડને નીચો કરવાનું કામ બે દિવસમાં શરુ કરી દેવાશે. આ કામગીરી પાછળ રૂ.૯૨ લાખનો ખર્ચ થશે. જયારે આ વિસ્તારમાં બે મહિના સુધી ટ્રાફિક ડાઈવર્ટ કરી દેવાશે.

ગાંધીનગર-સરખેજ હાઈવે પર સ્થિત અડાલજ બ્રીજ નીચેથી પસાર થતા વાહનો બ્રીજ અને રોડ ની વચ્ચે પૂરતું અંતર ન હોવાથી સલવાઈ જવાના અનેક કિસ્સાઓ બનવા પામ્યા છે. આવા સંજોગોમાં બ્રીજ નીચેનો રસ્તો બ્લોક થઈ જવા ઉપરાંત માર્ગ સલામતી પણ જોખમાતી હોવાનું તંત્રના ધ્યાને આવ્યું હતું. ટ્રાફિકથી ધમધમતા આ વિસ્તારમાં બ્રીજ નીચે ભારે વાહનો અટવાતા તંત્ર દ્વારા ત્વરિત રોડનું કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો. સુત્રોના જણાવ્યાનુસાર અડાલજ બ્રીજ નીચેથી પસાર થતા રોડ અને બ્રીજ વચ્ચેનું અંતર હાલ ૪.૮૦ મીટર છે. જેના કારણે ભારે વાહનો બ્રીજ નીચેથી પસાર થતા સલવાઈ જાય છે. રોડ બાય લોઝ મુજબ બ્રીજ અને રોડ વચ્ચે પર્યાપ્ત અંતર જળવાઈ રહે તે માટે બ્રીજ નીચેથી પસાર થતા રસ્તાને નીચો કરી બંને વચ્ચેનું અંતર ૫.૫૫ મીટર કરી દેવાશે. જયારે હાલના ડામર રસ્તાને પણ તોડી સી.સી રોડ બનાવી દેવાશે. જેના પરિણામે ચોમાસા દરમિયાન આ રસ્તાનું ધોવાણ થતું પણ અટકશે. આ સઘળી કામગીરી પાછળ અંદાજીત રૂ.૯૨ લાખનો ખર્ચ થશે. આ કામગીરી અન્વયે ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાઈ હોવાથી બે દિવસમાં કામ શરુ કરી દેવાશે. બ્રીજ નીચેના રોડની કામગીરીને અનુલક્ષી ત્રિમંદિર થી અડાલજ તરફનો ટ્રાફિક ડાઈવર્ટ કરી દેવાયો છે. આ ઉપરાંત મહારાજા હોટેલ અને ત્રિમંદિર પાસે સાબરમતી-કલોલ વાળા રસ્તા પર સ્થિત કટ ટ્રાફિક ડાઈવર્ટ કરવા ખોલી દેવાયા છે. કામગીરી દરમિયાન વાહનચાલકો સતર્ક રહે તે માટે ફ્લેથો બોર્ડ અને રેટ્રો રીફ્લેકટર લગાવી દેવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટ્રાફિક ડાઈવર્ટ કરવા જીલ્લા કલેકટર દ્વારા જાહેરનામું પણ બહાર પાડી દેવાયું છે.

## વોક-ઈન-ઈન્ટરવ્યુ

ડીસ્ટ્રીક્ટ અર્બન હેલ્થ યુનિટ, જિલ્લા પંચાયત, ગાંધીનગર હેઠળના અર્બન હેલ્થ સેન્ટર, કલોલ-૧ ખાતે ૧-જગ્યા તથા કલોલ-૨ ખાતે ૧-જગ્યા આમ કુલ-૨ કરાર આધારિત ૧૧ માટે કોમ્પ્યુટર ઓપરેટર કમ ક્લાર્કની ફિક્સ પગાર રૂ. ૭૦૦૦/- તથા કરાર આધારિત ૧૧ માસ માટે અર્બન હેલ્થ સેન્ટર, માણસા ખેત એફએચડબલ્યુની ૧-જગ્યા તથા અર્બન હેલ્થ સેન્ટર, કલોલ-૨ ખાતે એફએચડબલ્યુની ૨-જગ્યાઓ ફિક્સ પગાર રૂ. ૮,૫૦૦/-માં ભરવાની થતી હોય જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળે અસલ તેમજ પ્રમાણિત નકલ સહિત વૉક-ઈન-ઈન્ટરવ્યુમાં હાજર રહેવા જણાવવામાં આવે છે.

**જગ્યાનું નામ** : કોમ્પ્યુટર ઓરેટર કમ ક્લાર્ક ● સંખ્યા - ૨, ઉંમર - ૫૮ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
ફિમેલ હેલ્થ વર્કર ● સંખ્યા-૦૩, ઉંમર : ૪૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

**ઈન્ટરવ્યુની તારીખ:** ૨૧/૬/૨૦૧૪, રજીસ્ટ્રેશન : ૧૧-૦૦ થી ૧૨-૦૦ કલાક

**ઈન્ટરવ્યુનું સ્થળ** : તાલુકા હેલ્થ કચેરી, સરકારી દવાખાનું, સેકટર-૧૬, ગાંધીનગર

**શૈક્ષણિક લાયકાત:** **(૧) કોમ્પ્યુટર ઓપરેટર કમ ક્લાર્ક**
કોમર્સ સ્નાતક અને ડીપ્લોમાં / સર્ટીફિકેટ ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન. ટેલી, ગુજરાતી/અંગ્રેજી ટાઈપીંગ જાણકારી તથા ૨-વર્ષનો અનુભવ ધરાવનારને અગ્રીમતા આપવામાં આવશે.

**(૨) ફિમેલ હેલ્થ વર્કર**
ઉમેદવાર ફિમેલ હેલ્થ વર્કર અથવા એ.એન.એમ.નો ઈન્ડીયન નર્સીંગ કાઉન્સીલ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી કોર્ષ કરેલ તથા ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ. માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી બેઝીક કોમ્પ્યુટર કોર્સ કરેલ હોવા જોઈએ.

સહી/-
સભ્ય સચિવ
જિલ્લા અર્બન હેલ્થ યુનિટ અને
અધિક જિલ્લા આરોગ્ય અધિકારી,
જિલ્લા પંચાયત, ગાંધીનગર




SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com